## <u>ક્રિમીનલ કેસ નં. ૮૪૪/૨૦૨૨</u>

### આંક–૧ લગત હુકમ:–

આ કામના ફરીયાદીએ આરોપી સામે ચેક પાછો ફર્યા બાબતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટયુમેન્ટ એકટ કલમ ૧૩૮ ની ફરીયાદ આપેલી જે અનુસંધાને આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ થતા ઉપરોકત નંબર થી ફોજદારી કેસ દાખલ થયેલ. જેમાં ફરીયાદી અને આરોપી વચ્ચે ઘરમેળે સમાધાન થતા અદાલતમાં હાજર થઈ ફરીયાદીએ **આંક– ૨૪** થી ફરીયાદ આગળ ચલાવવા માંગતા નથી જેવી પુરશીષ રજુ કરેલ. જે પુરશીષ રેકર્ડ કરવામાં આવી.

ઉપરોકત પુરશીષ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૭ ધ્યાને લેતા ફરીયાદી ફરીયાદ પાછી ખેચવા માંગતા હોય તો મેજીસ્ટ્રેટ તે ફરીયાદ પાછી ખેચી લેવા પરવાનગી આપી શકશે અને તેમ કરવામાં આવે ત્યારે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી શકશે તેવી કાયદાની જોગવાઈ ધ્યાને લેતા ફરીયાદીએ હાલની પુરશીષ આપેલ છે. તે મુજબ હાલની ફરીયાદ પાછી ખેચવા પરવાનગી આપી આરોપીને આજની લોક અદાલતમા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. સદર કેસ તે રીતે ફેસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખ ૦૯/૧૨/૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ: ૦૯/૧૨/૨૦૨૩
લીલીયા.

(મેહુલકુમાર મહેન્દ્રકુમાર ગાંધી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
લીલીયા
કોડ નં. જી.જે.૦૧૨૭૦